ક્રમાંક-૧૪

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**બુધવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

બુધવાર, તા ૧૧મી માર્ચ, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ- ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ (ચર્ચા અધૂરી)ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

**૨. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

પ્રશ્નોત્તરીનો એક કલાકનો સમય એ પ્રજાના પ્રશ્નોના ઉકેલ માટેનો હોઇ કોઇપણ સભ્યએ પોતાના સ્થાન પર બેઠાં બેઠાં કોમેન્ટ ન કરવા અને કોઇપણ પ્રકારની રાજકીય ટીકા-ટિપ્પણી કર્યા સિવાય ટૂંકમાં જ પ્રશ્નો પૂછવા તેમજ તેનો ટૂંકમાં જ જવાબ આપવા તમામ માનનીય સભ્યશ્રીઓ તેમજ મંત્રીશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ સૂચના આપી.

**૩. પ્રશ્નોત્તરી ( ક્રમશઃ)**

ત્યારબાદ અગ્રતાક્રમ-૮ની ચર્ચા આગળ ચાલી અને તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન ક્રમાંક- ૯ ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ-૧૦થી ૧૦૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧-૦૦ કલાકે પૂરો થયો.

**૪. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પ્રશ્નોત્તરી કાળનો સમય વ્યતિત ન કરવા અંગે**

સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલિયાએ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો વર્ષ ૨૦૦૮થી ૨૦૧૨ના પુસ્તકનો ઉલ્લેખ કરી પ્રશ્નોત્તરીકાળ એ સભ્યશ્રીઓના પોતાના મતવિસ્તારના પ્રશ્નોને વાચા આપવા માટેનો અતિ મહત્ત્વનો હોવાથી તેનો દુરુપયોગ ન કરવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દે વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, કૃષિ મંત્રીશ્રી જીતુ વાઘાણીએ પોતાના મંતવ્યો રજૂ કર્યા.

વિધાનસભા ગૃહની કાર્યવાહી સૂચારું રીતે ચાલે તે આપણા બધાની સંયુક્ત જવાબદારી હોવાનું જણાવી લાંબા અને રાજકીય અવલોકનો સાથેના પ્રશ્નો ન પૂછવા અને પ્રજાના પ્રશ્નોનો ઉકેલ થઇ શકે તેવા જ પ્રશ્નો પૂછવા અને પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં અને મુદ્દાસર જવાબ આપવા તેમજ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયના પુસ્તકના પાન નં. ૨૬૦ ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર ક્યારે રજૂ કરી શકાય તેના નિયમો જોઇ જવા માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહના સર્વ સભ્યશ્રીઓ તેમજ માનનીય મંત્રીશ્રીઓને જણાવી સભ્યશ્રી ઇટાલીયાનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી તેમ જણાવ્યું.

**૫. વિશેષાધિકાર ભંગનો મુદ્દો**

માનનીય કૃષિ મંત્રીશ્રી જીતુ વાઘાણીએ માન.અધ્યક્ષશ્રીએ અગાઉ આપેલા નિર્ણયનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, પ્રશ્નોત્તરીનો જે પ્રશ્ન ચર્ચાયો ન હોય એટલે કે સરકારનો પક્ષ માન.મંત્રીશ્રી તરફથી રખાયો ન હોય તેનું પ્રેસ કે મીડિયા સમક્ષ નિવેદન આપી શકાતું નથી. માનનીય સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ ગઇકાલની પ્રશ્નોત્તરીના ૨૫ નંબરના પ્રશ્નની પ્રેસ-મીડિયા સમક્ષ નિવેદન આપીને સભાગૃહનું અવમાન કરી વિધાનસભાના તેમજ અધ્યક્ષશ્રીના વિશેષાધિકારનો ભંગ કર્યો છે તેમ જણાવી વિશેષાધિકાર ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો.

પ્રસ્તુત મુદ્દે સભ્યશ્રી શૈલેષ પરમાર, વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયા અને સભ્યશ્રી અમિત ચાવડાએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતે વિગતવાર અભ્યાસ કરીને હવે પછી આ અંગેનો નિર્ણય જાહેર કરશે તેમ જણાવ્યું.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)**

ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૨, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૩, જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૪ તથા ન્યાયતંત્રનો વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલ

અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૦ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪, માગણી ક્રમાંક–૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧ અને ૩૨, માગણી ક્રમાંક–૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૩, ૩૪, ૩૫ અને ૩૬ તથા માગણી ક્રમાંક–૬૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૭, ૩૮, ૩૯, ૪૦ અને ૪૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જિજ્ઞેશ મેવાણી
(૨) શ્રી વિનોદભાઇ મોરડીયા
(૩) શ્રી અમિત શાહ
(૪) શ્રી અલ્પેશ ઠાકોર
(૫) શ્રી અમુલ ભટ્ટ

**(વિરામ બપોરના ૨–૩૧થી ૩.૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી દિનેશભાઇ ઠાકોર
(૭) શ્રી ઉદયભાઇ કાનગડ
(૮) શ્રી ચૈતરભાઇ વસાવા
(૯) શ્રી હર્ષદભાઇ પટેલ
(૧૦) શ્રી જયંતિભાઇ પટેલ
(૧૧) શ્રી અમિત ઠાકર

ત્યારબાદ ચર્ચાનો જવાબ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.(ચર્ચા અધૂરી)

**૭. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

સરકારના માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો માગણી ઉપરની ચર્ચાનો જવાબ અને તેના પર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના સભ્ય શ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૪–૩૯)

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)( ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ પૂરો કર્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૪૨ પરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ રજૂ થયેલ માગણી ક્રમાંક–૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩ અને ૧૪, માગણી ક્રમાંક–૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧ અને ૩૨, માગણી ક્રમાંક–૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૩, ૩૪, ૩૫ અને ૩૬ તથા માગણી ક્રમાંક–૬૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૭, ૩૮, ૩૯, ૪૦ અને ૪૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૪૨, ૪૩, ૪૪ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, ગુરુવાર તા. ૧૨મી માર્ચ, ૨૦૨૬ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૫–૨૫ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૧મી માર્ચ, ૨૦૨૫

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.